।। શ્રી મુનિસુવ્રત સ્વામી નમઃ ।। ।। શ્રી ગણેશાય નમઃ ।। ।। શ્રી વિશલ માતાય નમઃ ।। ।। શ્રી જખ્ખ બૌતેરાય નમઃ ।।

# ભાવભર્યું નિમંત્રણ

## શ્રી ધાણીથર તિર્થમંડન શ્રી મુનિસુવ્રત સ્વામિ જિનાલયની

## ૫૧ (એકાવનમી) વર્ષગાંઠ

## છમછરી અને જીવીત મહોત્સવના

## રૂડા અવસરે હરખનાં તેડા

જીવન સંધ્યાની આ સોનેરી ક્ષણે...કામ...ક્રોધ....મદ તથા સ્વાર્થથી પર થઈ....
તારા....મારાનો ભેદ ભાંગી હળવા ફુલ થઈ... પરમ આનંદથી પુલકિત થઈ...
આપ સૌના સ્નેહાળ...સાનિધ્યમાં ઉજવવો છે અમારા પરિવારનો ત્રિવણી સંગમનો પ્રસંગ.



માતુશ્રી જેઠીબેન

**શ્રી મુનિસુવ્રત જિનાલયની ધજા**

સવંત ૨૦૭૩ ફાગણ સુદ - ૪, ગુરૂવાર, તા.૨-૩-૨૦૧૭ ના શુભમુહુર્તે છે.

**માતુશ્રી જેઠીબેન ખેતશી કુંવરજી ગાલાનું કાંઠા ચોવિસી જમણ**

સવંત ૨૦૭૩ ફાગણ સુદ - ૪, ગુરૂવાર, તા. ૨-૩-૨૦૧૭ નાં સાંજે રાખેલ છે.

**શ્રી ખેતશી કુંવરજી ગાલાનું કાંઠા ચોવિસી જીવીત મહોત્સવ**

સવંત ૨૦૭૩ ફાગણ સુદ - ૫, શુક્રવાર, તા. ૩-૩-૨૦૧૭ નાં સવારે અને સાંજે રાખેલ છે.



શ્રી ખેતશીભાઈ

### અદ્‌ભૂત અવિસ્મરણીય અવસરનું ઉજમણું, આપના પગલાથી પામશે ઘણું

કચ્છ Exp ટ્રેનમાં જતી વખતે જમવાની વ્યવસ્થા રાખવામાં આવી છે.
ટિકીટમાં ફેરફાર માટે સંપર્ક
ભરત કુંવરજી છેડા - 9819920235,
કાંતિલાલ હીરજી ગાલા - 9820324567
નોંધ : સર્વે પોતાનું ઓળખપત્ર (I Card) સાથે રાખવા વિનંતી.



સામૈયા માટે સુંદર બેડા શણગારી તૈયાર કરી લાવનારને ઈનામોથી નવાજવામાં આવશે.

સ્વાગતઉત્સુક

## માતુશ્રી જેઠીબેન ખેતશી કુંવરજી ગાલા પરિવાર

હ.શ્રીમતી લીલાબેન થાવર ખેતશી ગાલા, હ.શ્રીમતી જસવંતીબેન વેલજી ખેતશી ગાલા

(D-90290)

NEEL PARI - 9322299742

## ધંધાદારી

### સાંધાના દુઃખાવા, ડાયાબીટીશ તથા અન્ય રોગોનો આયુર્વેદીક ઉપચાર, કચ્છ વાગડના લોકોનું ભવ્ય રીસપોન્સ બદલ અભિનંદન



થાઈરોઈડ, સાઈટીકા, પથરી, એસીડીટી, હરસ, ચિકનગુનીયા, ડેંગ્યુ, સાંધાના દુઃખાવા, તાવના દુઃખાવા, ડાયાબીટીસ, અસ્થમા, વા, ધુંટણમાં ગેપ, હાડકાના ઘસારા, હાડકુ વધવુ, સફેદ ડાઘ (કોઢ), સ્ત્રીઓનું માસીક ધર્મ બંધ થઈ જતુ હોય તો ચાલુ કરવા તથા બળતરા થતી હોય તેના માટેનો આયુર્વેદીક ઈલાજ જે કાયમ માટે જડમૂળથી મટી જાય છે. જે ડોક્ટરની દવા લીધા પછી પણ રહી જાય છે-જે ડોક્ટરની દવા કીડની માટે અત્યંત હાનીકારક છે. આની દવા અમારા પાસેથી ડોક્ટર લઈ જાય છે. રાતભર પાવરમાં, શક્તિમાં તથા સમયમાં વધારો કરી એન્જોયમેન્ટ માટેનું જામ-જે રાજા મહારાજા ખાતા હતા-તે-જામ. બે મિનિટમાં ફેશિયલ લુકનો પાઉડર અને સ્ત્રીઓના હાથ-પગના વેક્સ માટેનો દુઃખાવા વગરનો પાઉડર ભારતમાં પહેલી વખત. જેમનો ફાયદો સમાજના લાખો લોકોને થયો છે તેથી જ મારા સમાજમાં પીડાતા દુઃખાવામાં ફાયદો થાય તેની માટે અકસીર ઈલાજ છે. દુઃખાવાનો ૭ દિવસનો કોર્સ છે. પાઉડર જમ્યા પછી બન્ને ટાઈમ પાણી સાથે લેવાનો હોય છે. ૪૫૦-૫૦૦ ડાયાબીટીશ જે ઈન્સુલીન લેતા હોય તેની ડાયાબીટીશ ૧૪૦ સુધી આવે છે. ડાયાબીટીશનો ૧૬ દિવસનો કોર્સ છે. સવારે ખાલી પેટે ખાધા પીધા વગર ૧ ટાઈમ પાણી સાથે લેવાનો હોય છે. અનુભવ સાથે વધુ વિગતવાર C.T. Commutree પર જોઈ લેવું. આ દવા આયુર્વેદીક જડીબુટીથી સ્ટીરોઈડ વગર બનાવેલી છે તેની ખાલી ઈફેક્ટ છે. સાઈડ ઈફેક્ટ નથી (સરકાર માન્ય). ઓફિસઃ (મલાડ) વેસ્ટ), મુંબઈ કવિતા ગીંદરા, વિપુલ ગીંદરા (આધોઈ)-વાગડ - 98291288587. (17611){4-1}

## પ્રવાસ કેમ્પ

### ૧૫ થી ૭૫ વર્ષની મહિલાઓ માટે લેહ લદાખનીઅદ્ભુત ટુર

* કચ્છી વાગડ સમાજમાં લોકપ્રિય/સર્વશ્રેષ્ઠ ટુર આયોજક 'એષા પંકજ છેડા' (ખાર-બિદડા) સંગાથે "Only Female Tour" લેહ લદાખની અવિસ્મરણીય ટુરમાં ચાલો અને શ્રીનગર, કારગીલ, લેહ, પેંગોગ લેહ, નુબ્રાવેલી, સહિતના પ્રાકૃતિક સૌંદર્યનું સ્વર્ગીય આનંદ માણો, સાત્ત્વીક ખાનપાન માટે આપણું જ સ્વતંત્ર રસોડું + A tp Z સર્વશ્રેષ્ઠ-સગવડો. ડિપાર્ચર- ૧૯, ૨૮ મે (MAY)/(૯ દિવસ)/મુંબઈ થી મુંબઈ ફ્લાઈટ સાથે

* સંપર્કઃ હેઝલ ટુર નિલમઃ 8454847518. Wapp.: 9869559938. (J-90865){4-2}

### મહાબળેશ્વરથી સસ્તુ કેરાલા

ચોક્કસ ઉપડશે-દર શુક્રવારે મુંબઈથી ૮ દિવસ કપલના ૨૫૦૦૦/- કોચીન, મુન્નાર, થેક્કડી, એલેપ્પી રેલ્વે ટિકિટ, નાસ્તો ડિલક્સ હોટલો. સંપૂર્ણ ફરવાનું A/C વાહનથી. નાના મોટા ગ્રુપો, મંડળો, હનીમુન કપલ ફેમીલી તથા મધ્યમ બજેટવાળા જે ક્યારેય ડીલક્સ હોટલો ન વિચારતા હોય તેવા માટે સર્વોત્તમ. આપ અમારી હોટલો આપના ચાહીતા મોંઘા ટુર ઓપરેટર સાથે સરખાવશો તોજ અમારી ટુરો સમજાશે. 5 સ્ટાર હોટલોના પણ સ્પેશ્યલ રેટ મળશે. ભારતભરમાં આપણા સ્વતંત્ર રસોડા સાથેની હનીમુન, ફેમીલી ગ્રુપ ટુરો હિમાચલ, કશ્મીર, નૈનીતાલ, દક્ષીણ ભારત, ભુતાન, આંદામાન, નેપાળ, માટે આગામી ફેબ્રુઆરીથી જુલાઈ ચાલુ છે. સંપર્ક રાજેશ રાંભીયાઃ ૯૮૭૦૪૫૯૦૫૪, ૨૮૮૦૫૮૦૦. તા.ક. અન્ય કોઈપણ ટુર બુક કરેલા પહેલા અમારી ટુરોની ખાસીયત જરૂર જાણી લેજો. (M-17397){4-3}

## શ્રી વાગડ કલા કેન્દ્ર મહિલા ક્રિકેટ ટીમ



મિડ-ડે દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે મિડ-ડે લેડીઝ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન, **તા. ૧૦, ૧૧** અને **૧૨ માર્ચ-૨૦૧૭**ના કરવામાં આવેલછે.

આ ટુર્નામેન્ટમાં શ્રી વાગડ કલા કેન્દ્રની મહિલા ક્રિકેટ ટીમ દર વર્ષની જેમ આ વર્ષે પણ ભાગ લઈ રહી છે.

શ્રી વાગડ કલા કેન્દ્રની આ મહિલા ક્રિકેટ ટીમમાં વા.વિ.ઓ. સમાજની કોઈપણ મહિલા ખેલાડીને જોડાવું હોય તેમણે પોતાનું નામ, **તા. ૨૨-૦૨-૨૦૧૭** સુધીમાં નોંધાવવાનું રહેશે.

આ ક્રીકેટ ટીમમાં જોડાવવા જેમણે પણ પોતાનું નામ નોંધાવ્યું હશે તેમણે ટીમ દ્વારા રાખવામાં આવેલ ક્રિકેટ પ્રેકટીસમાં ફરજીયાત (કમ્પલસરી) આવવાનું રહેશે અને ત્યાર બાદ ટીમનું સિલેક્શન કરવામાં આવશે.

**નામ નોંધાવવા સંપર્ક :**

**૧) રિદ્ધી રમેશ સત્રા મો. નં.: ૯૭૬૯૦ ૭૩૬૪૧**

**૨) પ્રીતી મનોજ ગાલા : મો. નં.: ૯૮૨૦૮ ૯૦૪૫૦**

**વધુ વિગત માટે સંપર્ક :**

**૧) સંજય ચરલા મો. નં.: ૯૮૨૦૧ ૩૮૫૨૬**

**૨) જતીન સત્રા મો. નં.: ૯૮૨૦૧ ૫૩૪૩૩**

**લિ. ક્રિકેટ કમિટી**

(M-17618)

# સફળ દામપત્ય જીવનની રજત જયંતિ નિમિત્તે

# વ્હાલભર્યા વધામણા

તા. ૨૧-૦૨-૧૯૯૨



૨૫ વર્ષ

તા. ૨૧-૦૨-૨૦૧૭



## અ.સૌ. ભાનુબેન ધીરજ રતનશી કારીઆ (ખારોઈ-નાલાસોપારા)

એકમેક પ્રત્યે સ્નેહ અને સમજદારીનો રહ્યો છે સૂર... દામ્પત્ય બની રહ્યું છે સૌરભનું નૂર...
સુખને વહેચવું અને દુઃખને સ્વયં સહેવું એ તમારા બંનેનો રહ્યો છે જીવનમંત્ર,
તમારૂં નિર્મળ જીવન મંગલકારી અને નિરોગી રહો એ જ આજના અવસરે છે અમારી શુભેચ્છા તથા સદ્ભાવના...

• લિ. આપના બાગબાનના પુષ્પો •

પુત્રી : અ.સૌ. જેનિશા હાર્દિક વધાણ (રવ-સુરત), અ.સૌ. ચાંદની ગિરીશ છેડા (હલરા-નાલાસોપારા)

પુત્ર : વત્સલ ધીરજ કારીઆ • પુત્રી : દિતી ધીરજ કારીઆ

**શુભેચ્છક : મહેશ આહિર અને પરિવાર (ચોબારી-કલવા)**

જ્યોતિ પ્રિન્ટર્સ, થાણા ✆ 9867 641 789 / 8454 04 7777

T-91088

# પ્રસન્ન દામ્પત્યના ૨૫ વર્ષ... વહાલના વધામણા

## Happy 25th Anniversary

25 Silver Jubilee

M B Happy Anniversary

**૨૧-૦૨-૧૯૯૨ થી ૨૧-૦૨-૨૦૧૭**





## અ.સૌ. મનિષા ભરત બાબુભાઈ આશધીર સાવલા-મનફરા

''સુમેળ, સમજણ અને સમર્પણથી છલકતું રહ્યું છે તમ જીવન
સંસાર જીવનની સફરમાં તમે ખુશખુશાલ રહો આજીવન''

**વ્હાલા... મનિષા-ભરત...**

આપની જોડી આજરોજે ઝળહળતી દામ્પત્ય યાત્રાના ૨૫ વર્ષના મંગલ મુકામે પહોંચી પ્રસન્નતાના પૂષ્પો મહેકાવી રહી છે.

આપ બન્નેએ આપની આ સુરેખ સફરમાં સદાય સુમેળ, સમજણ અને સમર્પણનો ત્રિવેણી સંગમ રચ્યો છે અને એકમેકને આદર આપી માનવતાના મધુરા પ્રકરણ આલેખ્યા છે.

આપ બન્ને સદાય સ્વસ્થ, મસ્ત અને તંદુરસ્ત રહી સંસ્કારોની સુવાસ પ્રસરાવતી રહો એવી શુભકામનાઓથી ગુંથેલો ગજરો અમે આજના શુભદિને આપને અર્પણ કરીએ છીએ.

સદભાવના અને સમાજ–પરિવાર ભાવના વડે આપ નિત્ય પ્રેમ અને પ્રકાશનું પર્વ ઉજવતા રહો એ જ મંગલ મનિષા.

**લિ.**

* શાંતીબેન કેશવજી રાઘવજી ચરલા-આધોઈ
* ભારતી વિજય હરખચંદ નિશર-લાકડીયા
* કમલાબેન દામજી રાઘવજી ચરલા
* મિતા આશિષ કેશવજી ચરલા-આધોઈ
* રેણુકા જીગ્નેશ કાનજી ગાલા-આધોઈ
* સુશીલાબેન જયંતીલાલ રાઘવજી ચરલા

**Best Wishes from :**

| | | | | |
|---|---|---|---|---|
| ફોરમ ભરત સાવલા | તનિષા વિજય નીશર | દીશી આશિષ ચરલા | પ્રાચી વીરલ ચરલા | વિધા હિતેષ ગાલા |
| અનમોલ ભરત સાવલા | રીવાન વિજય નીશર | ઉર્જા જીગ્નેશ ગાલા | નિશીત જયંતીલાલ ચરલા | |
| પ્રિયાંષ ભરત સાવલા | વૃષિ આશિષ ચરલા | મોક્ષ જીગ્નેશ ગાલા | હંસા હિતેન સાવલા | |

(J-90966)

|| શ્રી મહાવીરાય નમઃ ||



# શ્રી ચકાલા જૈન દેરાસર કબુતર ચણ



## કબુતરના ચણ માટે જીવદયાપ્રેમીઓનો આભાર

## જાન્યુઆરી મહીના દરમિયાન ચણ મોકલનાર - લખાવનાર જીવદયા પ્રેમીઓ

| | | | | |
|---|---|---|---|---|
| માતુશ્રી રાજીબેન ખેતશી નિસર | લાકડીયા | 30 kg x 21 | બાચકા | જુવાર |
| માતુશ્રી લક્ષ્મીબેન ડાયાલાલ ગાલા | લાકડીયા | 30 kg x 20 | બાચકા | જુવાર |
| શ્રીમતી જયશ્રીબેન જગશી છેડા | લાકડીયા | 30 kg x 18 | બાચકા | જુવાર |
| શ્રી ગેલાભાઇ ઉગમશી ફરીયા | આધોઇ | 30 kg x 18 | બાચકા | જુવાર |
| માતુશ્રી વેલુબેન વીરમ ગડા | સામખીયારી | 30 kg x 18 | બાચકા | જુવાર |
| શ્રી ચાંપશી જેસંગ ગાલા | આધોઇ | 30 kg x 15 | બાચકા | જુવાર |
| શ્રી કેશવજી મોણશી & Co. | અંધેરી ઇસ્ટ | 30 kg x 15 | બાચકા | જુવાર |
| પિતાશ્રી પ્રેમજી લખમણ ડાઘા | લાકડીયા | 30 kg x 12 | બાચકા | જુવાર |
| માતુશ્રી કુંવરબેન ભારમલ નિસર | લાકડીયા | 30 kg x 11 | બાચકા | જુવાર |
| ગં.સ્વ. ગીતાબેન રસીકલાલ છાડવા | લાકડીયા | 30 kg x 11 | બાચકા | જુવાર |
| શ્રીમતી પ્રભાબેન પ્રેમજી ગાલા | લાકડીયા | 30 kg x 11 | બાચકા | જુવાર |
| શ્રી અમરશી માંઇયા ગડા | શીવલખા | 30 kg x 11 | બાચકા | જુવાર |
| માતુશ્રી લીલાબેન મહેશ પદમશી શાહ | લાકડીયા | 30 kg x 10 | બાચકા | જુવાર |
| માતુશ્રી પાનબાઇ અરજણ પચાણ ગાલા | ગાગોદર | 30 kg x 10 | બાચકા | જુવાર |
| શ્રી શાંતીલાલ જુઠાલાલ સત્રા | ભરૂડીયા | 30 kg x 10 | બાચકા | જુવાર |
| શ્રી વાઘજી આસપાર ગડા | લાકડીયા | 30 kg x 10 | બાચકા | જુવાર |
| માતુશ્રી હીરાબેન મોતીલાલ ગડા | આધોઇ | 30 kg x10 | બાચકા | જુવાર |
| માતુશ્રી કામલબેન રામજી ભચુ ગાલા | લાકડીયા | 30 kg x 10 | બાચકા | જુવાર |
| શ્રી પ્રવીણભાઇ વેલજી પટેલ | શીકારપુર | 30 kg x 10 | બાચકા | બાજર |
| શ્રીમતી ચોથીબેન કાનજી છેડા | ભચાઉ | 30 kg x 10 | બાચકા | જુવાર |
| શ્રી નેણશી મુરજી શાહ | લાકડીયા | 30 kg x 8 | બાચકા | જુવાર |
| શ્રીમતી પાર્વતીબેન હરશી ભારા | સામખીયારી | 30 kg x 8 | બાચકા | જુવાર |
| શ્રીમતી ઢાપુબેન પુખરાજ જૈન | રાજસ્થાન | 30 kg x 8 | બાચકા | જુવાર |
| શ્રી નાનજી મેઘજી ગાલા | લાકડીયા | 30 kg x 8 | બાચકા | જુવાર |
| શ્રી જેઠાલાલ વધાણ ગડા | ભચાઉ | 30 kg x 8 | બાચકા | જુવાર |
| પિતાશ્રી લાલજી નરશી ગડા | સામખીયારી | 30 kg x 5 | બાચકા | જુવાર |
| પિતાશ્રી વીરજી ભચુભાઇ પચાણ ગાલા | લાકડીયા | 30 kg x 5 | બાચકા | જુવાર |
| શ્રી ભારમલ ખાખણ ડાઘા | આધોઇ | 30 kg x 5 | બાચકા | જુવાર |
| શ્રી નવરતનજી જૈન | જે.બી. નગર | 30 kg x 5 | બાચકા | જુવાર |
| શ્રી L.S. Lodha | જે.બી. નગર | 30 kg x 5 | બાચકા | જુવાર |
| શ્રી સુભાષજી લોઢા | જે.બી. નગર | 30 kg x 5 | બાચકા | જુવાર |
| શ્રી પ્રકાશ વીશાલ લોઢા | જે.બી. નગર | 30 kg x 5 | બાચકા | જુવાર |
| શ્રી જખુભાઇ મણશી ગાલા | લાકડીયા | 30 kg x 5 | બાચકા | જુવાર |
| શ્રી જયંતીલાલ નાનજી ગડા | લાકડીયા | 30 kg x 4 | બાચકા | જુવાર |
| માતુશ્રી દીવાળીબેન બાબુલાલ પાલણ નિસર | લાકડીયા | 30 kg x 4 | બાચકા | જુવાર |
| માતુશ્રી મણીબેન મણીલાલ નાનજી ગડા | લાકડીયા | 30 kg x 4 | બાચકા | જુવાર |
| શ્રી પોપટલાલ ભીમશી ગડા | લાકડીયા | 30 kg x 4 | બાચકા | જુવાર |
| સ્વ. પુષ્પાબેન રમેશ ડાઘા | લાકડીયા | 30 kg x 2 | બાચકા | જુવાર |
| શ્રીમતી સાવિત્રીબેન જયંતીલાલ ડાઘા | આધોઇ | 30 kg x 2 | બાચકા | જુવાર |
| માતુશ્રી રાજીબેન પોપટલાલ ગાલા | લાકડીયા | 30 kg x 2 | બાચકા | જુવાર |
| પિતાશ્રી નેણશી કરસન ફરીયા | ભચાઉ | 30 kg x 2 | બાચકા | જુવાર |
| શ્રી દેવશી રામજી ગાલા | હલરા | 30 kg x 2 | બાચકા | જુવાર |
| માતુશ્રી નામાબેન ભારમલ મુરજી ડાઘા | લાકડીયા | 30 kg x 2 | બાચકા | જુવાર |
| શ્રીમતી ચંપાબેન વસંત ડાઘા | લાકડીયા | 30 kg x 2 | બાચકા | જુવાર |
| શ્રીમતી પ્રફુલ્લાબેન દામજી આસધીર છેડા | ગાગોદર | 30 kg x 2 | બાચકા | જુવાર |
| શ્રી અમરશી ભચુભાઇ ગાલા | લાકડીયા | 30 kg x 2 | બાચકા | જુવાર |
| શ્રી માવજીભાઇ હીરાભાઇ ચૌવાન | જે.બી. નગર | 30 kg x 2 | બાચકા | મકાઇ |
| એક સદ્‌ગૃહસ્થ તરફથી બીલ નં. 70150 | | 30 kg x 2 | બાચકા | જુવાર |
| એક સદ્‌ગૃહસ્થ તરફથી બીલ નં. 72907 | | 30 kg x 2 | બાચકા | જુવાર |
| શ્રીમતી સુશીલાબેન ભરતભાઇ નિસર | ખારોઇ | 30 kg x 1 | બાચકા | જુવાર |
| શ્રીમતી રત્નાબેન ગોપાલ ફરીયા | લાકડીયા | 30 kg x 1 | બાચકા | જુવાર |
| કુમારી આન્સી પરેશ ગાલા | મનફરા | 30 kg x 1 | બાચકા | જુવાર |
| કુમારી પલક પરેશ ગાલા | મનફરા | 30 kg x 1 | બાચકા | જુવાર |
| માતુશ્રી વેલબાઇ હીરજી માલશી ગડા | ભચાઉ | 30 kg x 1 | બાચકા | જુવાર |
| શ્રી પોપટલાલ નરશી ફરીયા | આધોઇ | 30 kg x 1 | બાચકા | જુવાર |

**નજીક રહેતા જીવદયાપ્રેમીઓ તરફથી દરરોજ જુવાર, બાજર, ચણા, મકાઇ, મગ રાખવામાં આવેલ છે, તેમનો ખુબ આભાર.**

**વાશી માર્કેટથી દાતાઓએ લખાવેલ મંગાવેલ ચણનું બીલ દરેક દાતાઓને મોકલવામાં આવેલ છે. શરતચુકથી કોઇને બીલ નહીં મળ્યા હોય તો સંપર્ક કરશોજી.**

**આપના દાન માટે ખુબ ખુબ આભાર.**

**ચણ મોકલવાનું સ્થળ :**
**શ્રી મહાવીર સ્વામી જૈન દેરાસર,**
**સીગારેટ ફેક્ટરીની સામે,**
**ચકાલા,**
**અંધેરી - ઇસ્ટ.**

(M-17592)

**ચણ લખાવવા સંપર્ક :**
મોતીલાલ ભારમલ ડાઘા : 96196 19227
રાજેશ પ્રેમજી ગાલા : 98338 71800

લિ. પ્રેમજી શંભુલાલ ગાલા

"જીવદયા એ જ પ્રભુ સેવા"

# શ્રી ભચાઉ પાંજરાપોળ

સ્થાપના : સં. ૨૦૧૦ ટ્રસ્ટ રજી.નં. ઈ-૫૩ ભુજ કચ્છ

# અનુમોદના... અભિનંદન... આભાર...

## જીવદયાપ્રેમી ધર્માનુરાગી દાતાશ્રી
## શ્રી ભારમલ પાંચા છાડવા ચેરીટેબલ ફાઉન્ડેશન ટ્રસ્ટ મુંબઈ - પાર્લા ઈસ્ટ)
## સંસ્થા તરફથી મળેલ અનુપમ અનુદાન બદલ
## શ્રી ભચાઉ પાંજરાપોળ સંસ્થા હાર્દિક આભાર માને છે.

---

સહર્ષ જણાવવાનું કે **શ્રી ભારમલ પાંચા છાડવા ચેરીટેબલ ફાઉન્ડેશન ટ્રસ્ટ**ના ટ્રસ્ટીઓએ **મુંગા પશુઓ** પ્રત્યે કરૂણાભાવ દર્શાવીને **શ્રી ભચાઉ પાંજરાપોળ સંસ્થાને કપાસીયા ખોળની ૧૧૫ ગુણીનો** માતબર અનુદાન આપવા બદલ આવા ભાવનાસભર જીવદયાપ્રેમી દાતાશ્રીઓનો **શ્રી ભચાઉ પાંજરાપોળ** સંસ્થા અનુમોદના સાથે હૃદયપુર્વક આભાર વ્યકત કરે છે.

**શ્રી ભારમલ પાંચા છાડવા ચેરીટેબલ ફાઉન્ડેશન**ના ટ્રસ્ટીઓએ **શ્રી ભચાઉ પાંજરાપોળ** સંસ્થાને અવારનવાર વગર માંગ્યે ઉદારતાપુર્વક અનુદાન આપીને પુણ્યથી મળેલ સંપત્તીનો સદ્‌ઉપયોગ કરી **૩૨૦૦ અબોલા પશુઓના** અંતર આશીષ મેળવી જીવન ધન્ય બનાવ્યું છે. આપનું અનુદાન અબોલા પશુઓને અભયદાન છે.

જીવદયાની જ્યોત જલતી રાખવા આપે આપેલ અનુદાન બદલ **શ્રી ભચાઉ પાંજરાપોળ** સંસ્થાના સર્વે ટ્રસ્ટીગણ વતી ખૂબ ખૂબ ધન્યવાદ સહ આભાર.

મહાવીર પ્રભુ આપને અને આપના પરિવારને સુખ, સમૃધ્ધી અને તંદુરસ્તીસભર દિર્ધાયુષ્ય બક્ષે. ધાર્મિક તેમજ સામાજીક ક્ષેત્રે આવા સત્કાર્યો કરવાની અગાધ શક્તિ આપે એવી અંતકરણપુર્વક શુભેચ્છા.

---

**શ્રેષ્ઠ પુણ્યને પ્રાપ્ત કરવા અને કરૂણાના ભગીરથ કાર્યોમાં સહભાગી બનો એ જ અભ્યર્થના**

**: લિ. ટ્રસ્ટીઓ :**

(૧) શ્રી લખમશી કેશવજી વિસરીયા
(૨) શ્રી લાલજી ખીરાભાઈ ખુથીયા
(૩) શ્રી બાબુભાઈ રતનશી ખુથીયા
(૪) શ્રી ડુંગરશી ગોપાલ નિસર
(૫) શ્રી ડી.ટી. નીશર
(૬) શ્રી દેવજી કરશન છેડા
(૭) શ્રી લક્ષ્મીચંદ દેવજી કારીઆ

(J-90845)

# પ્રથમ માસિક પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ



## સ્વ.જશ્મીનાબેન મુકેશભાઈ શામજી સત્રા

ગામ : મનફરા હાલે : અંબરનાથ

જીવનયાત્રા : તા.૩૦.૧૧.૧૯૭૩ થી તા.૨૧.૦૧.૨૦૧૭

"સદાય લીલા રહેશે, તમારી યાદોના તોરણ,
પાપણો ભીની થશે, જ્યારે યાદ તમારી આવશે"

જીવન એવું જીવી ગયા, આપ સૌના દિલમાં વસી ગયા,
અશ્રુભરી આંખો શોધે આપને, આપ તો ગગનના સિતારા બની ગયા,
નયનમાં રમે તસ્વીર આપની, આપ ખુદ તસ્વીર બની ગયા...

આજકાલ કરતા તમારી વિદાયને ૧ મહિનો વિતી ગયો છતાં તમારી યાદ પળે પળે આવ્યા જ કરે છે. તમે પ્રેમ અને કરૂણાનું ઝરણું બની ભીંજવી ગયા આપની ખોટ સદાય અમારા જીવનમાં રહેશે. તમારો દિવ્ય આત્મા સદાય સુખશાંતિ અને પરમપદને પામે એ જ પ્રભુને પ્રાર્થના...

લિ.શોકાતુર પરિવાર

દાદા–દાદી : સ્વ.રાજીબેન પોપટ બુરીચા
નાના–નાની : સ્વ.બુદ્ધિબેન ગોપાર ગાલા
માતુશ્રી : સ્વ.રાજીબેન અરજણ બુરીચા
ભાઈ : સ્વ.વિનોદ અરજણ બુરીચા
પતિ : મુકેશભાઈ શામજી સત્રા
પુત્ર–પુત્રી : પંક્તિ, પર્વ
માતા–પિતા : વિજયાબેન અરજણ બુરીચા
સાસુ–સસરા : દિવાળીબેન શામજી કાનજી સત્રા
ભાઈ–ભાભી : કવિતાબેન કલ્પેશ બુરીચા, રજનીબેન જીતેન્દ્ર બુરીચા
ભત્રીજી : હીર કલ્પેશ બુરીચા, સિદ્ધિ, મિષ્ટી જીતેન્દ્ર બુરીચા

**સમસ્ત રાજીબેન પોપટ દેવરાજ બુરીચા તથા બુદ્ધિબેન ગોપાર વિશા ગાલા પરિવાર**

(M-17520)

Manav Graphics : 9892 11 55 12

---

|| શ્રી કુંથુનાથાય નમઃ || 卐 || શ્રી અજીતનાથાય નમઃ ||

શ્રી પદ્મ - જીત - હીર - કનક - દેવેન્દ્ર - કંચન - કલાપૂર્ણસૂરિ સદ્ ગુરૂભ્યો નમઃ

# શ્રી સામખીયારી વિશા ઓસવાળ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ

## પધારો... પધારો... પધારો....

### સામખીયારી મધ્યે ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે પધારો....

આ વર્ષે આપણા સંઘમાં ચાતુર્માસાર્થે
પૂ. સાધ્વીજી શ્રી વનમાલાશ્રીજી આદિ ઠાણા - ૩ પધારશે.

પૂજ્ય સાધ્વીજી ભગવંતોનાં ચાતુર્માસ પ્રવેશ તથા જિનાલય વર્ષગાંઠ નિમિત્તે ધ્વજારોહણ પ્રસંગે શ્રીસંઘ તરફથી શ્રીસંઘના પરિવારોના ભાઈ/બહેનોને સંઘરૂપે લઈ જવાનું આયોજન કરવામાં આવ્યું છે રેલ્વેના નિયમ અનુસાર ૪ મહિના અગાઉ ટિકિટનું રિઝર્વેશન કરાવવાનું હોઈ જેમણે પણ આવવાનું હોય તેમણે ૪ દિવસમાં નામ લખાવવા વિનંતી

### • કાર્યક્રમ •

તા. ૦૧/૦૭/૨૦૧૭ શનિવાર મુંબઈથી કચ્છ એક્સપ્રેસ દ્વારા પ્રયાણ
તા. ૦૨/૦૭/૨૦૧૭ રવિવાર સાધ્વીજી ભગવંતોનો ચાતુર્માસ પ્રવેશ
તા. ૦૩/૦૭/૨૦૧૭ સોમવાર જિનાલય વર્ષગાંઠ - ધ્વજારોહણ
રાત્રે ટ્રેનમાં સામખીયારીથી મુંબઈ આવવા પ્રયાણ
તા. ૦૪/૦૭/૨૦૧૭ મંગળવાર : મુંબઈ આગમન

### • ચાતુર્માસ પ્રસંગે લાભ લેવા માટે યોજનાઓ •

- ચાતુર્માસના મુખ્ય લાભનાં દાતાશ્રી
- ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે આવવા/જવા રિટર્ન સંઘનાં સંઘપતિનો લાભ
- પર્યુષણ પર્વ/ગુરુ વંદનાર્થે સંઘનાં સંઘપતિ નો લાભ

### • ઓફરો આપવા માટે સંપર્ક •

- શ્રી ડુંગરશી નારણ ગડા - મોબાઈલ નં. 9702874127
- શ્રી હેમરાજ ખેતશી સાવલા - મોબાઈલ નં. 9820329912

### • સંઘમાં નામ લખાવવા સંપર્ક •

(૧) મિલન ટીમ્બર, દફતરી રોડ, મલાડ, (E) Tel. 28826374
(૨) કાંતિલાલ દામજી સાવલા, કલ્પના નોવેલ્ટી, અંધેરી. 9819106640
(3) નેણશી શિવજી છાડવા ઈન્ડિયા સ્ટેશનરી ફોર્ટ - 9819191150

(J-90989)

લી. ટ્રસ્ટીઓ - શ્રી સામખીયારી વિશા ઓસવાળ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ

|| શ્રી શાંતીનાથાય નમઃ || || શ્રી મુનિસુવ્રત સ્વામીને નમઃ || || શ્રી મહાવીરાય નમઃ ||

|| શ્રી પદ્મ-જીત-હીર-કનક-દેવેન્દ્ર-કંચન-કલાપૂર્ણ-કલાપ્રભસૂરિભ્યો નમઃ ||

# શ્રી ઘાણીથર વિશા ઓસવાળ શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ-મહાજન જોગ

## પધારો...પધારો...પધારો...

## જીનાલયની ૫૧મી ધ્વજારોહણ પ્રસંગે... ત્રિદિવસીય મહોત્સવે

## માતુશ્રી જેઠીબેન ખેતશી ગાલાના કાંઠા ચોવીસી જમણ પ્રસંગે

## તેમજ શ્રી ખેતશી કુંવરજી ગાલા (ઝાલાણી) નું



શ્રી ખેતશી કુંવરજી ગાલા

## જીવીત મહોત્સવ પ્રસંગે

# ભાવભર્યું નિમંત્રણ...



માતુશ્રી જેઠીબેન ખેતશી ગાલા

વર્તમાન માનવ ચારે બાજુથી આધિ-વ્યાધિ તેમજ ઉપાધિથી ત્રસ્ત છે. કઇંક જાતના નવા નવા રોગોથી એનું મન અસ્વસ્થ છે. મોહ-માયા-પ્રપંચ-સ્વાર્થ-વિશ્વાસઘાત-લાલચથી એકબીજાથી દૂર થઇ રહ્યો છે. આવા સમયમાં કોઇને શનિ મહારાજની ક્રુર દષ્ટિ લાગી ગઇ હોય તો વધારે હેરાન પરેશાન થાય છે.

શનિગ્રહ પરમાત્મા શ્રી મુનિસુવ્રત સ્વામીનો ચરણસેવક છે, જે પુણ્યશાળી મુનિસુવ્રત સ્વામીની ભક્તિ કરે છે તેની પ્રત્યે શનિદેવ હમેશાં પ્રસન્ન રહે છે. શ્રી મુનિસુવ્રત સ્વામીની ભક્તિથી શનિની પનોતી દૂર થાય છે. આપણા તો ઘર આંગણે જ પ્રભાવશાળી મુનિસુવ્રત દાદા બિરાજમાન છે જેમની વધારેમાં વધારે ભક્તિ કરો. વારંવાર ઘાણીથર પધારી પૂજા-અર્ચના કરી કૃપા મેળવો બધું જ આવી જશે, બધું જ સારૂં થશે.

**ત્રિદિવસીય મહોત્સવની રૂપરેખા :**

★ ફાગણ સુદ-૧, તા. ૨૭-૦૨-૨૦૧૭ સોમવારે પૂ. મુનિભગવંત શ્રી તીર્થરૂચી મ.સા. આદિ ઠાણાનો નગર પ્રવેશ સવારે.

★ ફાગણ સુદ-૨, તા. ૨૮-૦૨-૨૦૧૭ મંગળવારે અઢાર અભિષેક સવારે-રાત્રે ભાવના.

★ ફાગણ સુદ-૩, તા. ૦૧-૦૩-૨૦૧૭ બુધવારે સિધ્ધચક્ર પૂજન બપોરે, સવારે વ્યાખ્યાનમાં મુખ્ય ધજા સિવાયની ધજાઓના ચડાવા લેવામાં આવશે. રાત્રે સ્ટેજ પ્રોગ્રામ

★ ફાગણ સુદ-૪ તા. ૨-૩-૨૦૧૭ ગુરૂવારે પરમાત્માની ભવ્ય રથયાત્રા-સત્તરભેદી પૂજા-ધ્વજારોહણ શુભ મુહૂર્તે સાંજે માતુશ્રી જેઠીબેન ખેતશી કુંવરજી ગાલાનું કાઠા ચોવીસી જમણવાર રાત્રે માતૃવંદના સ્ટેજ પ્રોગ્રામ.

★ ફાગણ સુદ-૫, તા.૩-૩-૨૦૧૭ શુક્રવારે શ્રી ખેતશી કુંવરજી ગાલા-ઝાલાણીનું જીવિત મહોત્સવ (કાંઠા ચોવીસી જમણ) ગામ કાંટો (સવારે) ત્રિદિવસીય મહોત્સવના સંપૂર્ણ ખર્ચના લાભાર્થી-માતુશ્રી જેઠીબેન ખેતશી કુંવરજી ગાલા પરિવાર, હસ્તે અ.સૌ. લીલાબેન થાવર ખેતશી ગાલા, અ.સૌ. જસવંતીબેન વેલજી ખેતશી ગાલા પરિવાર...

★ મુખ્ય ધજાના-ટ્રેઈનના સંઘપતિ -ત્રણે દિવસની સાધર્મિક ભક્તિના લાભાર્થી-મંડપ-ડેકોરેશન-સંગીતકાર-વિધિકાર સ્ટેજ પ્રોગ્રામ વગેરેનો આ પુણ્યશાળી પરિવારે આદેશ લીધેલ છે, ભૂરી ભૂરી અનુમોદના...

તા.ક. : ◆ ઉપરોક્ત પ્રસંગે દેશમાં આવવા માટે જેમણે પણ ટિકિટો માટે નામ લખાવેલ છે તેમણે પોતાની ટિકિટો મેળવી લેવા નમ્ર વિનંતી, ટિકિટ માટે **ભરત કે. છેડાઃ 98199 20235, કાંતીભાઇ ગાલા : 98203 24567** નો સંપર્ક કરી મેળવી લેવા વિનંતી. કોઇની ટિકિટ કેન્સલ હોય તો પણ જલદીથી જણાવશો.
◆ ટ્રેઇનમાં ચૌવિહારની તેમજ પાણીની વ્યવસ્થા રાખવામાં આવેલ છે જેની ખાસ નોંધ લેશો. ◆ સંગીતકાર અંકુર શાહ પધારશે. રાત્રે દરરોજ ભાવના થશે વિધિકાર મુકેશભાઇ પધારશે. ◆ પૂ. સાધુભગવંતોનો સામૈયામાં પોતાના બેડાં-સામૈયા શણગારી લાવશે તેમને પ્રોત્સાહન આપવામાં આવશે. ◆ પૂજ્ય મુનિભગવંતોનું વ્યાખ્યાન દરરોજ રહેશે.
◆ આ પ્રસંગે માતુશ્રી વેલબાઈ વેલજી ડાયા નિસરના દોહિત્ર ક્રીશ (મુનિરાજ તીર્થઘોષ) મ.સા. ના સંયમ પ્રયાણ નિમિત્તે લાડુની પ્રભાવના કરશે.

## લિ. શ્રી ઘાણીથર જૈન સંઘના પ્રણામ



પત્રિકા સૌજન્ય

## માતુશ્રી જેઠીબેન ખેતશી કુંવરજી ગાલા

### શ્રીમતી લીલાબેન થાવર ગાલા, શ્રીમતી જસવંતીબેન વેલજી ગાલા



(J-91102)



# શ્રી મનફરા પાંજરાપોળ



## નવદંપત્તિ શતાયુ ભવ



ચિ.નિખિલ/રીકી ★ ચિ. શિલ્પા

રૂા. ૫૬,૦૦૦/- **શ્રીમતી નીમાબેન જયંતિલાલ પોપટલાલ સાવલા** (મનફરા)ના સુપુત્ર ચિ. નિખિલ/રીકીના શુભ લગ્ન પ્રસંગે તેમજ રૂા. ૨૭,૦૦૦/- **શ્રીમતી શાંતિબેન હંસરાજ ભચુભાઇ ગડા** (મનફરા)ની સુપુત્રી **ચિ. શિલ્પા**ના શુભ લગ્ન પ્રસંગે **મનફરા પાંજરાપોળને** ઉદારદાન પ્રાપ્ત થયેલ છે. સંસ્થા બન્ને વેવાઇ પરિવારોનો આભાર માને છે અને અનુમોદના વ્યક્ત કરે છે.

નવપરિણિત દંપત્તિનું લગ્નજીવન દીર્ઘસમય સુધી તંદુરસ્તીમય, સુખમય, સમૃધ્ધિમય બની રહે એવી પાંજરાપોળના **મૂક જીવો** અપેક્ષા રાખે છે.

નવપરિણિતો ભવિષ્યમાં પાંજરાપોળની મુલાકાત લે અને આવીજ જીવદયા **અબોલ પશુઓ** ઉપર વરસાવતા રહે એવી શુભેચ્છા.

લિ. મંત્રીઓ

''પાંજરાપોળમાં આપો દાન, તમોને થાશે લાભ મહાન,
મળશે જો આપનું દાન, તો બચશે અબોલ પશુઓનાં પ્રાણ''

**પત્રિકા સૌજન્ય : દિપ્તી બીલ્ડર્સ યુનીવર્સલ પ્રા.લી. (દાદર-મુંબઇ)**

(J-90987)

# શ્રી સુવઇ છ કોટિ જૈન સંઘ

જય જિનેન્દ્ર સાથે જણાવવાનું કે, લીંબડી સંપ્રદાયના પ.પૂ. ધૈર્ય ગુરૂદેવ તથા શાસન ચંદ્રિકા પ.પૂ. ઉજજવળકુમારીજી મહાસતીજી તથા સંઘાડાના શિરચત્ર પ.પૂ. મુક્તાજી મહાસતીજી, તેમના આજ્ઞાનુવર્તી પ્રવર્તિની મહાસતીજી, પ. પૂ. અનિલાજી મહાસતીજીના સુશિષ્યા પ.પૂ પ્રતિજ્ઞાજી મહાસતીજી,તથા પ.પૂ. પ્રતિમાજી મહાસતીજી આદી ઠાણા ૨ની **શ્રી સુવઇ સંઘ**માં ચૈત્ર માસની આયંબિલની ઓળી પ્રાપ્ત થયેલ છે તેથી સ્થાનિકે જઇને પોતાના ઘર ખુલ્લા કરીને લાભ લેવા વિનંતી છે.

ચાલુ સાલે **૨૦૭૩**નું ચાતુર્માસ પ.પૂ. પારસમણીબાઇ મહાસતીજી તથા પ.પૂ. જીજ્ઞાસાબાઇ મહાસતીજી આદિ ઠાણાનું પ્રાપ્ત થયેલ છે. ચાતુર્માસ તા. **૦૮–૦૭–૨૦૧૭**ના પ્રારંભ થશે તે નિમિત્તે, તા. **૦૮–૦૭–૨૦૧૭**ના સ્વાગત સમારોહ સુવઇ સ્થાનિકે રાખવામાં આવેલ છે માટે ચાતુર્માસ પ્રવેશના પ્રસંગે બધાને પોતાની રીતે ટિકિટની વ્યવસ્થા કરવા વિનંતી છે. પ્રવેશ પ્રસંગે જે ભાઇ બહેનો દેશમાં આવશે તેમને ટિકિટના પૈસા સંઘની ઓફિસ માંથી **(સ્થાનિકે)** એક વ્યક્તિ દીઠ **૫૦૦ રૂા**. મેળવી લેવા વિનંતી છે. ચાતુર્માસ દરમ્યાન બધાને સ્થાનિકે પોતાના ઘર ખોલી ધર્મ આરાધના તથા ગોચરીનો લાભ લેવા નમ્ર વિનંતી છે.

આ વર્ષે ચામુર્સાસમાં સાધર્મિક ભક્તિનો લાભ પ.પૂ. જીજ્ઞાસાબાઇ મહાસતીજીના સંસારપક્ષે બહેન-બનેવી અ.સૌ. શાંતાબેન જયંતીલાલ નિસરે લીધેલ છે, દાતાશ્રીને ખુબ ખુબ ધન્યવાદ.

**લિ.**

**સંઘપતિ : રાયશી દેશર ફરિયા**

(T-91210)

।। જય મહાવીર ।।   ।। જય સીમંધર ।।   ।। જય અજરામર ।।

## શ્રી ભચાઉ સ્થાનકવાસી છ કોટી જૈન સંઘ

**ચાલો ચાતુર્માસ પ્રવેશમાં ભચાઉ**

**ચાતુર્માસ પ્રવેશ સંઘ તા. ૪ જુલાઈ ૨૦૧૭, મંગળવાર**

શ્રી સંઘના પ્રબળ પુણ્યોદયે શ્રી લીંબડી અજરામર સંપ્રદાયના ગચ્છાધીપતિ આચાર્ય શ્રી પ.પૂ. ભાવચંદ્રજી સ્વામીના સુશિષ્યાઓ પ.પૂ. મહાસતીજી ધ્રુતિકુમારી આર્યાજી આદિ ઠાણા ૩ નું ચાતુર્માસ પ્રાપ્ત થયેલ છે તેમનો મંગળ પ્રવેશ તા. ૬, જુલાઈ, ૨૦૧૭, ગુરૂવારના રોજે થશે.

**આ ચાતુર્માસને ભવ્યાતીભવ્ય રીતે ઊજવવા માટે મુંબઈથી ભચાઉ ટ્રેન દ્વારા ફ્રી માં સંઘ લઈ જવામાં આવશે.**

**ચાતુર્માસ પ્રવેશ મુંબઈ થી ભચાઉ લઈ જનાર ઉદારદિલ દાતાશ્રી**
**શ્રીમતી ચંચળબેન જયંતિલાલ દેવજી કારીઆ પરિવાર**

**સંઘ તા. ૪ જુલાઈ, ૨૦૧૭ ના મંગળવાર ના રોજે જશે**

સંઘમાં આવનાર પરિવારોએ તા. ૨૫.૦૨.૨૦૧૭, શનિવાર સુધી રૂ. ૫૦૦/- (પાંચશો) રિફંડેબલ ડિપોઝીટ ભરીને સેન્ટરોમાં રૂબરૂ નામ લખાવવા વિનંતી. ટેલિફોન ઉપર નામ લેવામાં આવશે નહીં.

| | |
|---|---|
| અજંતા પ્લાયવુડ (દાદર વેસ્ટ)<br>મનિષ લખમશી નંદુ | જૈન સ્ટેશનરી સ્ટોર્સ (ફોર્ટ)<br>ભરત ધરમશી નિસર |
| મહાવીર સિરામીક(ઘાટકોપર વેસ્ટ)<br>કાન્તીલાલ પોપટલાલ ગાલા | જ્યોતિ ઈલે. એન્ડ હાર્ડવેર, (અંધેરી ઈસ્ટ)<br>જયેશ ચાપશી કારીઆ |

**સંપર્ક : પ્રમુખશ્રી લખમશી ખાખણ નંદુ – મો. ૯૮૨૦૦૩૮૯૭૨**

**લી. મંત્રીશ્રીઓ**

**દામજી ભારમલ કારીયા, હેમરાજ પુંજાભાઈ ગાલા, રમેશચંદ્ર દામજી ગડા**

**પત્રિકા સૌજન્ય**

**માતુશ્રી શાંતાબેન કાનજી કેશવજી ગાલા પરિવાર**

(A-91108)




# પધારો...પધારો...પધારો...સર્વે ભક્તો

## નાતજાતના ભેદભાવ કોરણે મુકી સેજનાથ દાદાના ચરણોમાં માથુ નમાવવા

ઉપરોક્ત સંસ્થાના નેજા હેઠળ **શ્રી ખારોઈ નવરાત્રી મંડળ** દ્વારા સેજાભંડારદાદાની જીવંત સમાધી તથા પુર્ણેશ્વર મહાદેવના મંદીર ઉપર ભુકંપ બાદ પુન:નિર્માણ થયેલ તેની ૧૦મી સાલગીરી નિમિતે આ વર્ષે સંવત ૨૦૭૩ વૈશાખ સુદ ૭ મંગળવાર તા.૨-૫-૨૦૧૭નાં રોજ ધ્વજા રોહણ નો કાર્યક્રમ રાખેલ છે. આ દિવસે સ્થાનિકે હવન, રૂદ્રીપાઠ તથા પ્રસાદ રૂપે ભોજનનું આયોજન કરેલ છે સદર સંપૂર્ણ કાર્યક્રમના ખર્ચના લાભાર્થી ધ્વજાના કાયમી દાતા **માતુશ્રી પાર્વતીબેન વિરમ મુરજી ગડા હસ્તે શ્રીમતી શીતલ વિનોદ ગડા પરીવારે** લાભ લીધેલ છે. તો ગામના સમસ્ત જ્ઞાતિજનોને લાભ લેવા આમંત્રણ આપીએ છીએ.

**શ્રી ખારોઈ નવરાત્રી મંડળ**ના સર્વ કાર્યકર્તાઓ ભારે જહેમત ઉઠાવી પ્રસંગને દીપાવવા પ્રયત્નશીલ છે. તો સદર પ્રસંગે સેજાભંડાર દાદાના સર્વ ભકતગણ પધારી શોભામાં વૃધ્ધી કરી દર્શન, પ્રસાદનો લાભ લેશો એવી ઉપરોક્ત ટ્રસ્ટના ટ્રસ્ટીગણ ની આગ્રહભરી વિનંતી.

**મુંબઈ તથા બહારગામ વસતા દરેક ગામવાસીઓ દરવર્ષે સાલગીરીના દિવસે દાદાનાં જુહાર (પ્રસાદ) ઘરે કરવા વિનંતી.**

સદર પ્રસંગે મુબઈ થી પધારેલ ભાઈ-બહેનોએ સ્થાનિકે દર્શન તથા પ્રસાદનો લાભ લીધા બાદ ટીકીટ બતાવી ટીકીટના પૈસા અંકે કરી લેવા દાતા પરીવાર ની આગ્રહ ભરી વિનંતી.

શ્રી ખારોઈ યુવક મંડળ, મુંબઈ નાં સભ્યો સદર પ્રસંગે અચૂક હાજરી આપી શોભામાં અભિવૃધ્ધી કરવા બદલ ખુબ ખુબ આભાર સહ અનુમોદના.

લી. શ્રી ખારોઈ તળાવીયા જાગેશ્વર મહાદેવ ટ્રસ્ટ તથા શ્રી ખારોઈ નવરાત્રી મંડળ

(J-90985)

# સગપણ–આભાર–સગપણ

## ''કરો સ્નેહના કંકુ ચાંદલા'' ની કમિટી

સામખીયારીના મંજુલાબેન મેઘજી ગડાના પ્રયત્નથી બે અજાણ પરિવારને એક કર્યા. આજના માહોલને જોઇને એરેંજ મેરેજ એક ચેલેંજ જેવું લાગે, એવા માહોલમાં ''કરો સ્નેહના કંકુ ચાંદલા'' ની કમિટી સગપણ જોડવા જેવા કામ કરી રહી છે તેમને સર્વેને સલામ-અભિનંદન, અને મંજુલાબેન મેઘજી ગડાનો ખૂબ ખૂબ આભાર, વાલીબેન પાલણ દેવરાજ ગડા ગામ ઘાણીથર હાલે (વલસાડ)ની સુપુત્રી સોનલ તેમજ ગામ આધોઇ-બોરીવલીના પાર્વતીબેન કુંવરજી સાગણ ગાલાના સુપુત્ર જીગરની સગાઇ, તા. ૧૨-૦૨-૧૭ના રવિવારના સાદાઇથી થયેલ છે આ સફળતાના બદલ મંજુબેનના ખૂબ ખૂબ આભારી છીએ.

**લિ. કુંવરજી સાગણ ગાલા, પાલણ દેવરાજ ગડા**



મંજુલાબેન મેઘજી ગડા



સોનલ પાલણ ગડા, જીગર કુંવરજી ગડા

(J-90943)

---

**પધારો પધારો પધારો**

## આધોઈ નગરે

## સર્વ પ્રથમ – સર્વ પ્રથમ – સર્વ પ્રથમ

**કચ્છ વાગડમાં સર્વ પ્રથમ આધોઈની ધન્ય ધરા આધોઈ નગરે પાલીતાણાની પવિત્ર શીલાઓ દ્વારા નિર્માણ થયેલ શેત્રુંજય ગીરીરાજની આબેહુબ પ્રતિકૃતિ (રચના)ના દર્શનાર્થે અવશ્ય જરૂરથી પધારો – પધારો – પધારો**

શ્રી આદીશ્વર દાદાના અનન્ય પરમ ભક્ત અને શેત્રુંજય ગીરીરાજની ચોવિહારી છઠ્ઠ કરીને ૪૦૦ થી અધિકવાર યાત્રા કરનાર મહાન ભીષ્મ તપસ્વી આધોઈની ધન્ય ધરાના સપૂત ગીંદરા કુળના કુળદિપક પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્ય શ્રીમદ્‌ વિજય અરિહંત સિધ્ધ સૂરીશ્વરજી મ.સા.ની જન્મભૂમિ આધોઈ નગરે શ્રી અરિહંતસિધ્ધ સૂરી ગુરૂ મંદીરમાં શ્રી આદીશ્વર દાદાની મૂર્તિ બિરાજમાન પ્રસંગે સમસ્ત કચ્છ–વાગડના શાસન પ્રેમી ભાઈ–બહેનોને પધારવા નેહ નિતરતું નિમંત્રણ.

**શ્રી આદીશ્વર દાદા મૂર્તિ પ્રવેશ, અઢાર અભિષેક તથા ગુરૂમંદીરમાં બીરાજમાન મહા–વદ–૧૪ તા. ૨૫–૨–૨૦૧૭, શનિવાર કાર્યક્રમ : સવારે ૮.૦૦ કલાકથી શરૂ થશે**

ઉપરોક્ત પ્રસંગે સર્વે શાસનપ્રેમી ભાઈ – બહેનોને નમ્ર અપીલ આ પ્રસંગે બહોળી સંખ્યામાં પધારી શાસનની શોભામાં અભિવૃદ્ધિ કરશો અને આ અનેરા પ્રસંગના સાક્ષી બનવાની મળેલ તક ચૂકશો નહીં.

**લી. શ્રી અરિહંતસિધ્ધ સૂરી ગુરૂમંદિર સમિતીના પ્રણામ**

(J-90967)

---

|| શ્રી ગણેશાય નમઃ ||

# ભાવભીની પુષ્પાંજલિ



## સ્વ. જેઠાલાલ માલશી છેડા

ગામ સામખીયારીના પાનબાઈ નગર નાલાસોપારા જીવદયા મંડળના પ્રમુખશ્રીનો સ્વર્ગવાસ, તા. ૧૫–૦૨–૨૦૧૭ બુધવારના થયેલ છે.

આપનો માયાળુ સ્વભાવ, વાણીની માધુર્યતા, સરળતા અમારા જીવનમાં કોતરાઇ ગઇ છે. ઇશ્વરની શું મરજી હતી તે સમજાતું નથી, જીવદયાના શણગાર સમા યુવાનોને શરમાય એવું વ્યક્તિત્વ અને કરવાની આ ઊંમરે આટલી ધગશ ખરેખર કુદરતી હતી પણ આપના ગયા પછી જીવદયા મંડળને જે ખોટ પડી છે તે કોઇનાથીયે પૂરાય તેમ નથી. મૃત્યુને કોણ રોકી શકવાનો છે-પણ મૃત્યુને સુધારી જરૂરથી શકાય છે તેનું ઉદાહરણ સાર્થક થયું છે. એવા આપણા જેઠાબાપા ભજનાનંદી અને સતસંગ પ્રેમીનો આત્મા જ્યાં હોય ત્યાં પરમશાંતિ પામે અને તેમના પરિવાર ઉપર આવેલ વિપત સમયને સહન કરવાની મા અંબાજી શક્તિ આપે એ જ અમારી પ્રાર્થના.

**લિ. પાનબાઇ નગર નાલાસોપારા જીવદયા મંડળ**

(M-17613)

---



# 'વર્ધમાન કિલનીક'

ડો. સેજલ નરેન્દ્રકુમાર શાહ

(M.D.S. PROSTHODONTIST)

**ડો. નરેન્દ્રકુમાર શાહના આશીર્વાદ સાથે ડો. સેજલે દાંતનું દવાખાનું ચાલુ કરેલ છે.**

**ફ્રી દાંત અને હાડકાના કેલ્શિયમના કેમ્પ**
**તારીખઃ ૨૫–૨–૨૦૧૭ સમય : સાંજે ૬ થી ૮**

**Consulting Room ભાડેથી આપવાનો છે.**

**: નોંધ :**

(૧) કેમ્પ માટે Registration કરાવવું જરૂરી છે.
(૨) કેમ્પમાં આવેલ દર્દીઓને દાંતની સારવારમાં ડીસ્કાઉન્ટ આપવામાં આવશે.
(૩) હાડકાના કેલ્શિયમની Test બહાર ૧૦૦૦ થી ૧૫૦૦ રૂ. માં થાય છે એજ test કેમ્પમાં ફ્રી ઓફ Cost કરી આપવામાં આવશે.

**: Address:**
૦૨, જાલાની એપાર્ટમેન્ટ, જૈન દેરાસરની સામે, કુરાર વિલેજ, મલાડ (ઈસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૯૭.
મો.: 97647 05313, 98211 17104

**અમારૂ લક્ષ્ય**

તંદુરસ્ત, સ્વસ્થ અને સુંદર સમાજનું નિર્માણ

(M-17608)

|| શ્રી પાબુદાદાય નમઃ || || શ્રી ગણેશાય નમઃ || || શ્રી સચ્ચામાતાય નમઃ ||

# ''તેશીયાણી મહિલા મંડળ''

સર્વે ''તેશીયાણી મહિલા મંડળ''ની સહેલીઓને જણાવવાનું કે આપણા મંડળ દ્વારા ''શ્રી શેત્રુંજય ગીરીરાજ''ની ભવ્ય યાત્રા કરાવવાનું નક્કી કરેલ છે-જે **તારીખ ૨૩-૦૬-૨૦૧૭**ના રાત્રે ટ્રેનમાં અહીંથી જવાનું, **તા. ૨૪-૦૬-૨૦૧૭** ત્યાં પાલીતાણા રાત્રિ મુકામ અને, તા. ૨૫-૦૬-૨૦૧૭ સવારે શ્રી ગિરિરાજની યાત્રા અને શ્રી આદીનાથદાદાની સેવા-પૂજા કરી સાંજના ટ્રેન દ્વારા મુંબઈ તરફ પ્રસ્થાન.

આવવા જવાના ખર્ચ પેટે (ટિકિટના) રૂા. ૧૦૦૦ ભરવાના રહેશે-તા. ૨૫-૦૨-૨૦૧૭ સુધીમાં પોતાના નજીકના કમિટી મેમ્બરને રૂા. ૧૦૦૦ આપી I-Card No. અને નામ લખાવવા વિનંતી.

**: ખાસ નોંધ :**

**કોઈએ પણ ફોન ઉપર નામ નહિ લખાવવું અને તા. ૨૫-૦૨-૨૦૧૭ પછી કોઈના પણ નામ લેવામાં આવશે નહિ મહેરબાની કરીને શરમાવશો નહિ.**

**ટિકિટ સિવાયના સંપૂર્ણ ખર્ચ એટલે પાલીતાણા મધ્યે પોતાની શ્રી સંભવ લબ્ધિધામ ધર્મશાળામાં નવકારશી અને જમણવાર તથા ત્યાં રહેવાનો સંપૂર્ણ લાભ ગામ સામખીયારીના માતુશ્રી દિવાળીબેન દામજી રાઘવજી ગડા પરિવારે લીધેલ છે જેનો અમે સાચા હૃદયથી ખુબ ખુબ ધન્યવાદ અને ખુબ ખુબ અનુમોદના કરીએ છીએ.**

ગામ લાકડીયાના વનિતાબેન ખુશાલ રામજી ગડા તરફથી રૂા. ૧૧,૦૦૦/- એમના સુપુત્ર ફેનિલના લગ્ન પ્રસંગે આપણા મંડળને ભેટ મળેલ છે.

**લિ. તેશીયાણી મહિલા મંડળ કમિટી**

(J-90959)

## ''કરો સ્નેહના કંકુ ચાંદલા''

આનંદ અને રોમાંચની ભરપૂર જીવન સફરને ગમતીલા સાથ અને મનગમતા સાથી સાથે માણવા યોગ્ય જીવનસાથીની શોધમાં છો???

યોગ્ય જીવનસાથી માટેની તલાશ... તતેમને મદદરૂપ થવા ''**કરો સ્નેહના કંકુ ચાંદલા**'' સતત ૯ વર્ષોથી પ્રયાસ કરી રહી છે અને ઘણી સફળતાઓ પણ મળે છે. સહુ સ્નેહાળ માવિત્રો અને હોશીલા વડીલજનોને અંતરથી આવકારીએ છીએ, તો ચાલો બદલતા સમયની સાથે આપના વિચારધારાનો પ્રવાહ પણ બદલીએ, આપણા સંતાનોના ભવિષ્ય માટે તેમને મનપસદ જીવનસાથી મળે તે માટે ઉચ્ચ પ્રયાસો કરીએ. ''કરો સ્નેહના કંકુ ચાંદલા''ની કમિટીને ફોન કરી એપોઈન્ટમેન્ટ લઇ આવવું.

અમારી કમિટીના ઉત્સાહી અને સતત મહેનત કરનાર મંજુલાબેન મેઘજી ગડાની સફળતા-ગામ ઘાણીથરના હાલે વલસાડના વાલીબેન પાલણ દેવરાજ ગડાની સુપુત્રી સોનલ તેમજ ગામ આધોઇના હાલે બોરીવલીના પાર્વતીબેન કુંવરજી સાંગણ ગાલાના સુપુત્ર જીગરના સગપણ તા. ૧૨-૦૨-૨૦૧૭ના રવિવારના સાદાઇથી થયેલ છે તે બદલ મંજુલાબેનને અભિનંદન.

**: સ્થળ :**
ભાજી ગલી, નગરીયા સ્ટોરની સામે, ઈસ્ટ - વેસ્ટ વિલા, ૧લા માળે, ગ્રાન્ટ રોડ (વેસ્ટ)
**: ટાઈમ :** ૩.૩૦ થી ૫.૩૦

**લિ. કમિટી**

**પત્રિકા સૌજન્યઃ**



**શ્રીમાન વેલજી ભારમલ ગાલા (કાચછી)**



**શ્રીમતી દિવાળીબેન વેલજી ગાલા (કાચછી)**

(J-90941)

## લાકડીયા છ કોટી સ્થાનકવાસી જૈન સંઘ

''રૂમઝુમ કરતી આવી રહી છે શાશ્વતી ચૈત્રી ઓળી
ભાગ્યશાળીઓ સૌ કરજો કર્મની હોળી''

વાત્સલ્યદાત્રી પ.પૂ. વેલ માણિક્ય-વિમલ-ઉજજવલગુરૂણીશ્રીઓની કૃપા વરસી રહો.

સંવત ૨૦૭૩ના ચૈત્ર મહિનાની શાશ્વતી ઓળી પ્રસંગે બહુશ્રુત તપોધની ગાદીપતિ પ.પૂ. શામજી સ્વામી પરિવારના શાંત સ્વભાવી પ.પૂ. ધૈર્યમુનિ મ.સા. તથા શાસન ચંદ્રિકા પરમ ઉપકારી પ.પૂ. ઉજજવળ કુમારીજી મહાસતીજીના સુશિષ્યા પ્રવર્તિની પ.પૂ. અનિલાજી મ.સ.ના આજ્ઞાનુવર્તિ પ.પૂ. તમન્નાજી મ.સ. આદિ ઠાણા-૪ ચૈત્ર મહિનાની ઓળીમાં પધારવાના ભાવ રાખેલ છે. પૂ. મહાસતીજીની વ્યાખ્યાન વાણી-સાંભળવા તેમજ તપ-ત્યાગમાં જોડાવવા લાકડીયાવાસી સર્વે ધર્મપ્રેમી શ્રાવક-શ્રાવિકાઓને પધારવા વિનંતી.

**ચૈત્ર માસની ઓળીના દાતા :** શ્રીમતી જવેરબેન શીવજી રણધીર ગડા પરિવારે ઓળીનો લાભ લીધેલ છે. શ્રી સંઘ તરફથી તેમને ખૂબ ખૂબ ધન્યવાદ.

**ઓળીના પારણાના દાતા :** શ્રીમાન કરસન રામજી ગાલા (વામકાવાળા) પરિવારે પારણાનો લાભ લીધેલ છે. શ્રી સંઘ તરફથી તેમને ખૂબ ધન્યવાદ.

**ઓળી તા. ૦૨-૦૪-૨૦૧૭ થી શરૂ થાય છે.**

**નવકારમંત્રના જાપ :** પાનેરી પરિવારના માતુશ્રી મૂરઈબેન દામજી ગડા તથા માતુશ્રી નાનુબેન દેવશી ગડા પરિવાર તરફથી નવકારમંત્રના જાપ ચાલુ છે તેઓને સંઘ તરફથી ખૂબ ધન્યવાદ.

**લિ. મંત્રીઓ**

(J-90988)

# શ્રી ભરૂડીયા વિશા ઓશવાળ મહાજન (રજી.)

## અનુમોદનીય અનુદાન બદલ આભાર...





માતુશ્રી મીણાબેન ભીમશી રામજી છાડવા



અ.સૌ. અમૃતબેન વિશનજી ભીમશી છાડવા

## ચિ. આકાશ અને ચિ. પ્રેક્ષા

ગામ શ્રી સુવઇના **માતુશ્રી મીણાબેન ભીમશી રામજી છાડવા** ના સુપૌત્ર અને **અ.સૌ. અમૃતબેન વિશનજી ભીમશી છાડવા** ના સુપુત્ર **ચિ. આકાશ** ના શુભ લગ્ન પ્રસંગે ખોળા વીધીમાં શ્રી ભરૂડીયા વિશા ઓશવાળ મહાજનને સાધારણમાં માતબર રકમનુ અનુદાન આપેલ છે. તે બદલ શ્રી ભરૂડીયા વિશા ઓશવાળ મહાજન દાતા પરિવારની ભુરીભુરી અનુમોદના કરી આભાર માને છે. નવ દંપતિનુ લગ્નજીવન સુખમય, સમૃધિમય, ધર્મમય, આનંદમય અને આયુષ્યમય બની રહે તેવી પરમ કૃપાળુ પરમાત્મા શાસનદેવને પ્રાર્થના

**લિ. શ્રી ભરૂડીયા વિશા ઓશવાળ મહાજન, ટ્રસ્ટીગણ – અધિકારીગણ – કારોબારી સભ્યો**

(M-17616) Add. by Sampurna Graphics - 9820218030



CRESCENT
Shaping the future
An ISO 9001 : 2008 Company

# CRESCENT GRANDE

Old Nagardas Road, Andheri (E)

- O.C. ની સાથે જગ્યા ધરાવતી 2BHK
- કોઇ પ્રકાર ની Service Tax અથવા VAT નથી
- ભવ્ય આગમન લોબી
- પતંગ ચગાવા, બરબેકયુ તેમજ રમત-ગમત માટે ખાસ જગ્યા
- દરેક ફ્લેટ મા ઇટાલિયન માર્બલ અને ડિઝાઇનર બાથરૂમ ની સાથે
- મર્યાદિત બુકિંગ , જીએસટી ૯% થી ૨૨% થાય તે પેહલા બુકિંગ કરાવો



# Call : 9022886600

www.crescentconstructions.co.in

Site Office: Old Nagardas Road, Near Andheri Subway, Andheri (E), Mumbai - 400 069.

(A-90368)

॥ શ્રી સચ્ચાય માતાય નમઃ ॥ ॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી કલ્યાણેશ્વર મહાદેવાય નમઃ ॥

# શ્રી વાગડ બૌવા મિત્ર મંડળ (મુંબઈ) દ્વારા આયોજિત

## સ્થાનીકે ગામ ત્રંબૌ મધ્યે કાર્યક્રમની રૂપરેખા

**ગુરૂવાર તા. ૨૩/૦૨/૧૭**

સવારે ૬.૪૫ કલાકે : ભચાઉ આગમન
સવારે ૭.૧૫ કલાકે : કંથકોટ આઈસતી માના મંગલ દર્શન
સવારે ૮.૧૫ કલાકે : ત્રંબૌ ગામે ઈષ્ટદેવ શ્રી કલ્યાણેશ્વર મહાદેવના શુકનવંતા દર્શન
સવારે ૯.૦૦ કલાકે : કુળદેવી શ્રી સચ્ચાય માતાજીની આરતી દર્શન બાદ ગોઠીયા ભાઈ-બહેનોની ઉતારાની વ્યવસ્થા, સ્નાનાદિ નિત્યકર્મ, ચા - પાણી નાસ્તો ઈત્યાદિ.
સવારે ૧૧.૦૦ કલાકે : ઈનામી લક્કી ડ્રો ટિકિટોનું વિતરણ.
બપોરે ૧૨.૦૦ કલાકે : મધ્યાન્હ ભોજન
બપોરે ૦૧.૦૦ થી ૫.૦૦ કલાકે : રમતોત્સવ-૨૦૧૭ (બૌવા યુવા)
બપોરે ૩.૦૦ કલાકે : ચા - પાણી નાસ્તો
સાંજે ૫.૩૦ કલાકે : સાંજનુંવાળુ(ભોજન)
રાત્રે ૭.૦૦ કલાકે : શ્રી સચ્ચાય માતાજીની મહાઆરતી (આરતીનો ચડાવો થશે)
રાત્રે ૮.૦૦ કલાકે : ડી.જે. વાદ્ય સંગીત દ્વારા માતાજીના રાસ ગરબાની રમઝટ
રાત્રે ૧૧.૦૦ કલાકે : ઈનામી લક્કી ટીકીટનું ડ્રો
રાત્રે ૧૨.૦૦ કલાકે : શ્રી કલ્યાણેશ્વર મહાદેવનો અભિષેક, ભજન

**શુક્રવાર તા. ૨૪/૦૨/૧૭**

સવારે ૭.૦૦ થી ૮.૦૦ : ચા - પાણી (શિરામણ)
સવારે ૮.૧૫ કલાકે : શ્રી સચ્ચાય માતાજીની આરતી
સવારે ૮.૩૧ કલાકે : શ્રી કલ્યાણેશ્વર મંદિરનું ધ્વજારોહણ (ચડાવો થશે)
સવારે ૯.૧૫ કલાકે : શ્રી કલ્યાણેશ્વર મહાદેવની આરતી અને અભિષેક (ચડાવો થશે)
સવારે ૧૦.૦૦ કલાકે : બૌવા મંડળના પ્રમુખ શ્રી દામજી મણીલાલ બૌવાનું પ્રાસંગીક પ્રવચન
સવારે ૧૦.૧૫ કલાકે : સ્થાનીકે કાર્યક્રમ પ્રસંગે બે દિવસનાં સંપુર્ણ જમણવાર ખર્ચનાં દાતાશ્રી પરિવાર તથા અન્ય ચડાવાઓ લેનારા દાતાશ્રીઓનું સન્માન
સવારે ૧૦.૪૫ કલાકે : શ્રી ભોલેનાથના ભજન અને રાસગરબાની રમઝટ
બપોરે ૧૨.૦૦ કલાકે : બૌવા મંડળના મંત્રી શ્રી કાંતીલાલ રાયશી બૌવા આભાર વિધી કરશે
બપોરે ૧૨.૩૦ કલાકે : મધ્યાન્હ ભોજન
બપોરે ૩.૦૦ કલાકે : ચા - પાણી
સાંજના ૫.૦૦ કલાકે : સાંજનુંવાળુ (ભોજન)
રાત્રે ૭.૦૦ કલાકે : ત્રંબૌ થી ભચાઉ રેલ્વે સ્ટેશન બસ દ્વારા પ્રયાણ (જેમણે નામો લખાવ્યા હશે તેમણે જ બસમાં બેસવાનું રહેશે).

**આનાફંડમાં પાછળથી આવેલ નામો - ૦૪ આના માતુશ્રી જેઠીબેન રાજાભાઈ જગશી બૌવા (વણોઈ) / ૦૨ આના માતુશ્રી મણીબેન ભીમશી આણદા બૌવા (આધોઈ)**

શ્રી રતનશી વેરશી બૌવા (નુતન ત્રંબૌ) ૦૧ આના ની બદલીમાં ૦૨ આના કરેલ છે.

નિયાણી બહેનોને પુરસ્કાર આપવામાં પાછળથી આવેલ નામ - રૂા. ૫૦ માતુશ્રી જેઠીબેન રાજાભાઈ જગશી બૌવા (વણોઈ)

**યાત્રા પ્રવાસ માટે જરૂરી સુચનાઓ**

- તા. ૨૩/૦૨/૨૦૧૭ ના સવારે ભચાઉ રેલ્વે સ્ટેશનથી ત્રંબૌ જવા માટે જેમણે પૈસા ભરીને બસમાં બેસવા માટેના કુપન મેળવ્યા હશે તેમને જ બેસવા મળશે જેની ખાસ નોંધ લેવા વિનંતી તો કુપન સાથે લઈ આવવા વિનંતી.
- દેશમાં જવા માટેની ટિકિટ સ્થાનિકે દેશમાં બતાડશે તેનેજ ટીકીટના પૈસા આપવામાં આવશે. ટિકીટ સંભાળીને રાખશો, અન્યથા પૈસા પાછા મળશે નહિ.
- યાત્રા પ્રવાસ દરમ્યાન અને સ્થાનિકે ત્રંબૌ મધ્યે કાર્યક્રમ પ્રસંગે ચાલશે - ફાવશે - ભાવશે અને ગમશેની નિતી અપનાવીને યોગ્ય સાથસહકાર આપીને પ્રસંગને દિપાવશો તેવી વિનંતી.
- કાર્યક્રમની સમાપ્તી બાદ તા. ૨૪/૦૨/૧૭ ના સાંજે ત્રંબૌથી ભચાઉ જવા માટે બસમાં જેમણે નામો લખાવ્યા છે તેમને બસમાં બેસવા માટે કુપુન આપવામાં આવ્યા છે તો જેમની પાસે કુપન નહિ તેમને બસમાં બેસવા મળશે નહિ . જેની ખાસ નોંધ લેશો.
- રેલ્વેના નિયમ મુજબ ફોટો આઈકાર્ડની ઓરીજનલ કોપી સાથે રાખવી ફરજીયાત છે. (ઝેરોક્સ કોપી ચાલશે નહી)
- રોજ લેવી પડતી પોતાની દવા ગોળીઓ તથા ઠંડીના વસ્ત્રો સાથે લઈ લેવા વિનંતી.
- સંજોગોવસાત કાર્યક્રમમાં ફેરફાર કરવાનો અધિકાર બૌવા મંડળના અધિકારી ભાઈઓને રહેશે.

**તા.ક. જેમણે કબુતર માટે ચણ લખાવવા હોય તેમણે સ્થાનીકે પહેડી ટાઈમે લખાવી શકે છે. એક ગુણીના રૂા. ૧૧૦૦/- નકરો રાખેલ છે.**

**સ્થાનીકે પ્રસંગ નિમિત્તે લખાવેલા આના અને નિયાણીના રૂપિયા સ્થાનિકે પ્રસંગ વખતે લઈ આવવા વિનંતી.**
**સ્થાનીકે પ્રસંગ નિમિત્તે હજીપણ કોઈને નિયાણી બહેનોને પુરસ્કાર અને આના લખાવવા હોય તો તેઓએ મંત્રીશ્રીઓને નામ લખાવવા વિનંતી.**

- સ્થાનીકે ભચાઉ થી ત્રંબૌ બસ વ્યવસ્થા માટે સંપર્ક કરવો - (૧) હરેશ રામજી બૌવા - 9867629269 (૨) વિનોદ રાયશી બૌવા - 9702176321
- સ્થાનીકે રહેવાની સગવડ માટે સંપર્ક કરવો - (૧) જયેશ મુરજી બૌવા - 9820484214 (૨) ગીરીષ ધનજી બૌવા - 9833067793
- સ્થાનીકે ગાદલા માટે સંપર્ક કરવો - (૧) અશોક સુરજી બૌવા - 9867666741

**સ્થાનીકે કાર્યક્રમ પ્રસંગે બે દિવસનાં જમણવારનાં સંપુર્ણ ખર્ચનાં દાતા માતુશ્રી લક્ષ્મીબેન લખમશી વિરજી બૌવા (ત્રંબૌ) પરિવાર છે**

## લી. શ્રી વાગડ બૌવા મિત્ર મંડળ (મુંબઈ)

પ્રમુખ : શ્રી દામજી મણીલાલ બૌવા (નુતન ત્રંબૌ) ● ઉપ પ્રમુખ : શ્રી દલસુખ દેવરાજ બૌવા (આધોઈ)
મંત્રી : શ્રી ધનજી વેલજી બૌવા (નુતન ત્રંબૌ) ● મંત્રી : શ્રી કાંતીલાલ રાયશી બૌવા (ત્રંબૌ)
મંત્રી : શ્રી પરેશ ભીમશી બૌવા (આધોઈ) ● મંત્રી : શ્રી દામજી રાયશી બૌવા (નુતન ત્રંબૌ) ● મંત્રી : શ્રી પ્રવિણ વેરશી બૌવા (ત્રંબૌ)
ખજાનચી : શ્રી કાનજી ભુરાલાલ બૌવા (નુતન ત્રંબૌ) ● સહ ખજાનચી : શ્રી હિતેશ પ્રેમજી બૌવા (વણોઈ)

**જય માતાજી, જય કલ્યાણેશ્વર મહાદેવ, જય સુરાપુરા દાદા**

(T-91026)

ZanURi grafik Ritesh R. Nandu : 9967890250

